પરીપત્ર-૩૫૫/૯૩

ક્રમાંક/મશબ/ગ-૧/ટે.૭/આચાર્યનિમણુંક/
૧૫૪૭/૧૬૩૧
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦ બી સચિવાલય પાસે,
ગાંધીનગર તા. ૧૧-૩-૯૩.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ)

વિષય:- આચાર્યની નિમણુંક માટે જેતે શાળાના સિનિયર શિક્ષકને બઢતી આપવા તથા આચાર્યની અનુભવને શૈ.અનુભવ ગણવા બા

સંદર્ભ:- બોર્ડના ક્રમાંક. મશબ/જી/નિમણુંક/૪૧૯૬૩/૪૨૧૧૨. તા. ૧૧-૮-૮૭ પરીપત્ર ક્રમાંક. ૧૯૩/૧૯૮૭.

૨. બોર્ડની તા.૨-૧-૯૩ ની કા.સમિતિના ઠરાવ ક્રમાંક ૩૩૫/૯૩૪.

જયભારત સાથે જણાવવાનું કે આચાર્યની ભરતી માટેની હાલની જોગવાઈઓમાં કારોબારી સમિતિના ઉપરોક્ત સંદર્ભ-૨ માં દર્શાવેલ ઠરાવ મુજ નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે.

ઠરાવ ક્રમાંક/૩૩૫/૯૩ કારોબારી સમિતિ તા.૨-૧-૯૩.

"આચાર્યની જાણ માટે તે શાળાના સૌથી સિનિયર શિક્ષક માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૧)મુજબ જરુરી લાયકાત ધરાવતા હોય અને સંચાલક મંડળ તેમને આચાર્યની જગા પર બઢતી આપવા માંગતું હોય-તો જિલ્લા શિક્ષણાધિક શ્રીની પુર્વ મંજૂરી મેળવીને આવી બઢતી આપી શકાશે.

આચાર્યના અનુભવને પણ શૈક્ષણિક અનુભવ ગણી બી.એડ.પછી પાંચ વર્ષ.બા આચાર્ય તરીકે કરેલી કામગીરી માટે શૈ.અનુભવના ૧ વર્ષનો ૧ ગુણ ગણવાનું ઠરાવવામાં આવ્યું."

આ અંગે સ્પષ્ટતા કરવાની કે જે કિસ્સામાં શાળાના સૌથી સિનિયર શિક્ષકને ઉપર જણાવેલ જોગવાઈ મુજબ બઢતી આપવાની થાય ત્યારે એનઓસી/જાહેરાત/ઈન્ટરવ્યુ વિગેરે કાર્યવાહી કરવાની રહેતી નથી. આચાર્યની જગા ખાલી પડે ત્યારે સંચાલક મંડળે જગા ખાલી પડવાનું કારણ સૌથી સિનીયર શિક્ષકનું નામ શૈ.લાયકાત તથા અનુભવની વિગતો બઢતી સ્વીકારવા બાબતનો સંમતિપત્ર સંચાલક મંડળનો આ બઢતી આપવાનો ઠરાવ વગેરે જરુરી આધારો સ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે વધુમાં સ્પષ્ટતા કરવાન આ જોગવાઈ ફક્ત શાળાના સૌથી સિનિયર શિક્ષકને લાગુ પડે છે.સૌથી સિનિયર શિક્ષક બઢતી સ્વીકારવા તૈયાર ન હોય કે તેવા અન્ય કારણોસર તેમને છોડીને તેમની પછીના બીજા સિનિયર શિક્ષકને આ જોગવાઈ મુજબ બઢતી આપી શકાશે નહી.

ઉપરોક્તના લક્ષે જરુરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સહી/
પ્રવિણસિંહ આર. ચાવડા
સચિવ
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નં.માધ્ય.ખ-૧/ ૫૮૨૬-૬૧૭૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ, તા. / /'૯૩.

આચાર્યશ્રી,
તમામ માધ્ય. ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
રાજકોટ જિલ્લો,
નકલ જાણ તથા યોગ્ય થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

'દવે'૧૨૪૯૩ "R.N"
૪૦૦/૦૭૩૧